# 2408000602050002
# EXAMINATION FEBRUARY-MARCH 2024
# BACHELOR OF COMMERCE (SECOND SEMESTER) (NEP)
# AEC - GUJARATI PROFICIENCY AND LIFE SKILLS - II – LEVEL 5

[**Time: As Per Schedule]** **[Max. Marks:25]**

**Instructions:**
**1. Fill up strictly the following details on your answer book**
a. Name of the Examination: **BACHELOR OF COMMERCE (SECOND SEMESTER) (NEP)**
b. Name of the Subject: **AEC - GUJARATI PROFICIENCY AND LIFE SKILLS - II - LEVEL 5**
c. Subject Code No: **2408000602050002**
2. Sketch neat and labelled diagram wherever necessary.
3. Figures to the right indicate full marks of the question.
4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student's Signature

**Q.1** **નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ પાંચ)** **10**

1. કોશના કોઈપણ બે ઉપયોગ જણાવો.
2. ઉચ્ચારણકોશનો ઉપયોગ જણાવો.
3. રૂઢિપ્રયોગ એટલે શું?
4. રૂઢિપ્રયોગનું પ્રયોજન જણાવો.
5. વિરુદ્ધાર્થી કહેવત ઉ. દા. આપી સમજાવો.
6. કહેવતની કોઈપણ બે વિશિષ્ટતા જણાવો.
7. ગદ્યખંડનું શીર્ષક કેવું હોવું જોઈએ ?
8. ગદ્યાર્થગ્રહણ માટે ધ્યાનમાં રાખવાની મુખ્ય બાબતો કઈ કઈ છે?

**Q.2** **(અ) કોઈપણ પાંચ કહેવત અર્થ આપી સમજાવો.** **5**

1. ઘરડાં ગાડાં વાળે.
2. તરણાં ઓથે ડુંગર.

3. દોરડી બળે પણ વળ ન છોડે.

4. પાણીમાં રહેવું ને મગર સાથે વેર.

5. બાર ગાઉએ બોલી બદલાય.

6. ભેંશના શિંગડાં ભેંશને ભારે.

7. મોટા એટલાં ખોટા.

8. વિનાશકાળે વિપરીત બુદ્ધિ.

9. સત્તા આગળ શાણપણ નકામું.

10. લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય.

**(બ) કોઈપણ પાંચ રૂઢિપ્રયોગના અર્થ આપી સમજાવો.** **5**

1. કડવું ઝેર જેવું લાગવું.
2. ઘડો ફૂટવો.
3. ચાર હાથ કરવા.
4. ઈડરિયો ગઢ જીતવો.
5. ગળા સુધી આવી જવું.
6. દૂધ ધોઈને આપવું.
7. ટાઢું પાણી રેડવું.
8. જમણો હાથ હોવું.
9. નમતો દિવસ થવો.
10. ચીલે ચીલે ચાલવું.

**૨ (ક) નીચે આપેલા વિષય પર ટૂંકનોંધ લખો.** **5**

1. સંક્ષેપકોશ.
2. રૂઢિપ્રયોગની લાક્ષણિકતા.

**અથવા**

(ક) નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. **5**

"મનુષ્યમાત્રનો પોતાના પડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશીની દ્વેષ નથી અથવા સ્વદેશીનો પક્ષપાત નથી. શરીરધારીની સેવા કરવાની શક્તિને મર્યાદા છે. એ પોતાના પડોશીને મુશ્કેલીથી પહોંચી શકે છે. પોતાના પડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરાબર પાળે તો જગતમાં કોઈ મદદ વિના દુઃખી ન થાય. પડોશીની સેવા કરનાર આખા જગતની સેવા કરે છે એમ કહી શકાય. પડોશી પ્રત્યેના ધર્મનું પાલન એટલે જગત પ્રત્યેના ધર્મનું પાલન. જગતની સેવા બીજી રીતે અશક્ય છે. જે પડોશીને તરછોડે છે ને પોતાના શોખને પૂરે છે તે સ્વેચ્છાચારી છે, સ્વચ્છંદી છે. તે કેવળ પોતાને જ સારું જીવે છે. જેને મન આખું જગત કુટુંબ છે તેનામાં બધાંની સેવા કરવાની શક્તિ હોવી જોઈએ, જગની સેવા, પડોશીની સેવા વડે જ થઈ શકે. ટૉલસ્ટોય કહે છે કે અત્યારે આપણે એકબીજાની કાંધ ઉપર ચડી બેઠા છીએ. આપણે બીજાની કાંધેથી ઊતરી જઈએ તો બસ છે. પોતાની સેવા કર્યા વિના કોઈ બીજાની સેવા કરતો જ નથી અને બીજાની સેવા કર્યા વિના જે માત્ર પોતાની જ સેવાના ઈરાદાથી કોઈ પ્રવૃત્તિનો આરંભ કરે છે તે પોતાને અને જગતને હાનિ પહોંચાડે છે. જીવમાત્ર એકબીજાની સાથે એટલો ઓતપ્રોત છે કે એક જે કાંઈ કરે તેની સારી કે માઠી અસર આખા સંસાર ઉપર પડે જ છે. અતિ મર્યાદિત દૃષ્ટિને લીધે આપણે ભલે તે ન જોઈ શકીએ; ભલે એક વ્યક્તિના એક કાર્યની અસર આ સંસાર-સમુદ્રમાં નહીં જેવી હોય; પણ તે છે જ એટલું જ્ઞાન આપણને આપણી જવાબદારી ઓળખાવવા સારું પૂરતું હોવું જોઈએ."

- ગાંધીજી

**પ્રશ્નો:**

1. મનુષ્યમાત્રનો પહેલો ધર્મ કોના પ્રત્યે છે?
2. આ અંગે ટોલસ્ટોય શું કહે છે?
3. આ ધર્મ જો સૌ કોઈ બરાબર પાળે તો શું પરિણામ આવે?
4. જીવમાત્ર એકબીજાની સાથે કેટલો ઓતપ્રોત છે?
5. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

*****